## સોમવારથી સ્કૂલો શરૂ

# શહેરમાં શૈક્ષણિક સામગ્રી ખરીદીમાં ધસારો

### રવિવારની રજાને પગલે બજારોમાં ભારે ભીડ થવાના એંધાણ : સ્કૂલ યુનિફોર્મ, નોટબુક, સ્ટેશનરીની દુકાનોમાં જમાવટ



ગાંધીનગર, તા. ૩ આગામી ૫ જૂનથી શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ દ્વારા શહેરની જુદી જુદી દુકાનોમાંથી સ્કૂલડ્રેસ સહિતની સામગ્રી ખરીદવા માટે ધસારો વધ્યો છે. શનિવાર બાદ રવિવારે બજારમાં વધારે ભીડ જોવા મળશે.

શહેરમાં આવેલી કેટલીક ખાનગી શાળાઓ ઉપરાંત સરકારી શાળાઓ કે જે આગામી સોમવારથી શરૂ થઈ રહી છે જેને ધ્યાનમાં રાખીને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ દ્વારા સ્કૂલડ્રેસ, ચોપડા તથા અન્ય સ્ટેશનરીનો માલ-સામાન ખરીદવા માટે બજારમાં છેલ્લા દિવસોમાં ભારે જમાવટ કરી મુકતા વેપારીઓ વ્યસ્ત બની ગયા છે. ખાસ કરીને સે. ૨૧, સે. ૭, સે. ૨૪, સે. ૨૨ માં આ પ્રકારની ભીડ જોવા મળી રહી છે. દુકાનોમાં ભારે ભીડને લઈને વેપારીઓના પણ પરસેવા છૂટી ગયા છે. રવિવારે રજાનો દિવસ હોવાથી બજારોમાં ખરીદીનો માહોલ હજી જામશે તેમ વેપારીઓએ જણાવ્યું હતુ.

જો કે શૈક્ષણિક સત્ર શરૂ થતા જ વાલીઓના ખિસ્સા પર ભારણ પડ્યું છે. કારણ કે મોંઘવારીના માર વચ્ચે વાલીઓને શૈક્ષણિક સામગ્રીઓમાં વધેલો ભાવ વધારો આર્થિક સંકટમાં મુકી રહ્યો છે.

રવિવાર બાદ શૈક્ષણિક સત્ર શરૂ થવાના કારણે સ્કૂલોમાં ફરીથી બાળકોનો કલરવ ગુંજી ઉઠશે. શિક્ષકો પણ તડામાર તૈયારીઓમાં વ્યસ્ત બની ગયા છે.

આગામી દિવસોમાં ચોમાસાનો માહોલ રહેશે જેને ધ્યાનમાં રાખીને વાલીઓ પોતાના બાળકો માટે વરસાદથી રક્ષણ મળી રહે તે માટે અગાઉથી જ રેઈનકોટ, છત્રીની ખરીદી કરી રહ્યા છે.

આમ, બજારમાં ખરીદીનો માહોલ છવાતા વેપારી વર્ગ આનંદીત જોવા મળી રહ્યો છે.

## એનસીડબલ્યુ અને ઈડીઆઈઆઈ ૧૦૦ ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમ યોજશે

ગાંધીનગર, તા.૦૩ નેશનલ કમીશન ફોર વુમન (એનસીડબલ્યુ) એ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ




ઈન્સ્ટિટચ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સહયોગથી સંભાવિત મહિલા ઉદ્યોગસાહસિકો માટે દેશભરમાં ૧૦૦ ઉદ્યોગસાહસિકતા જાગૃકતા કાર્યક્રમ (ઈએપી) લોંચ કરવાની જાહેરાત કરી છે. દેશભરમાં યોજાનારા ૧૦૦માંથી પ્રથમ ઈએપીનું ઉદ્‌ઘાટન ઉજ્જૈનમાં મુખ્ય અતિથિ મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે ભારત સરકારમાં રાજ્યકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મુંજપારા મહેન્દ્રભાઈ અતિથિ વિશેષ, એનસીડબલ્યુના ચેરપર્સન રેખા શર્મા, ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા અને એનસીડબલ્યુના મેમ્બર સેક્રેટરી મિનાક્ષી નેગી ઉપસ્થિત રહ્યાં હતાં.

ઈએપી વિશે વાત કરતાં મધ્ય પ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે કહ્યું હતું કે સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓ સારી પ્રગતિ સાધી રહી છે. તેઓ તેમની સફળતા, તેમના ઉદ્યોગો અને તેમની ભાવિ યોજનાઓ વિશે આત્મવિશ્વાસથી વાત કરી રહ્યાં છે. દેશમાં અમલમાં મૂકાયેલી વિવિધ પહેલો હેઠળ મહિલાઓએ જબરદસ્ત પ્રગતિ કરી છે. ઉદ્યોગ સ્થાપિત કરવા માટે મહિલાઓને સબસિડી મળી રહી છે, જેનાથી વિશેષ કરીને ગ્રામિણક્ષેત્રમાં પ્રગતિ થઈ છે. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ મહિલાઓના પ્રશિક્ષણ અને વિકાસના નવા અવસર પેદા થયાં છે. હું ઉદ્યોગસાહસિકતાના માધ્યમથી મહિલા સશક્તિકરણની દિશામાં આ બેજોડ પહેલ માટે નેશનલ કમીશન ફોર વુમન અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટચ્યૂટ ઓફ ઈન્ડિયાને અભિનંદન પાઠવું છું.

મહિલા ઉદ્યોગસાહસિકો માટે અનુકૂળ માહોલની જરૂરિયાત ઉપર ભાર મૂકતાં ડો. મુંજપરાએ કહ્યું હતું કે, અમે સાર્વજનિક અને ખાનગી ક્ષેત્રમાં મહિલા નેતૃત્વ અને સશક્તિકરણમાં ઝડપ લાવી ભારતના મહિલાઓના નેતૃત્વના વિકાસના એજન્ડાને આગળ ધપાવવાની દિશામાં કામ કરી રહ્યાં છીએ. નેશનલ કમીશન ફોર વુમન અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલ પમેન્ટ ઈન્સ્ટિટચ્યૂટ ઓફ ઈન્ડિયા વચ્ચેનો સહયોગ મહિલા ઉદ્યોગસાહસિકતાના ક્ષમતા નિર્માણમાં મદદ કરવાની સાથે-સાથે લોકોમાં જાગૃકતા પણ વધારશે. રેખા શર્માએ કહ્યું હતું કે, ભારતમાં મહિલા ઉદ્યોગસાહસિકોને સપોર્ટ કરવા માટે અનુકૂળ ઈકોસિસ્ટમ છે. તેને જોતાં મહિલાઓ તેમની એમએસએમઈ સ્થાપિત કરવા માટે પ્રેરિત થઈ રહી છે.

## પીડીઈયુ એનસીસી ગર્લ્સ ડિવિઝનનું "પ્લાસ્ટિક મુક્ત ભારત" વિષયે પોસ્ટર મેકિંગ અભિયાન




ગાંધીનગર, તા.૦૩ સમગ્ર વિશ્વમાં તા.૫મી જુને "પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે જેનો ઉદ્દેશ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવી પ્રકૃતિના જતન સાથે પૃથ્વીને વિવિધ પ્રદૂષણની ઘાતક અસરોથી બચાવી શકાય તે માટેનો હોય છે. અત્યારે પર્યાવરણ સામે સૌથી મોટો ખતરો હોય તો તે પ્લાસ્ટિકના ફેલાતાં જતા કચરાનો છે. આ બાબતને અનુલક્ષીને પીડીઈયુના એનસીસી ગર્લ્સ ડિવિઝને તા.૩જી જુને પ્લાસ્ટિક મુક્ત ભારત પર પોસ્ટર મેકિંગ અભિયાનનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

અભિયાનનો ઉદ્દેશ્ય "પ્લાસ્ટિક મુક્ત ભારત"ના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. કુલ ૨૭ કેડેટ્સે આ ઈવેન્ટમાં સક્રિયપણે ભાગ લીધો હતો, તેમની સર્જનાત્મકતા અને પર્યાવરણ જાગૃતિ માટેના જુસ્સાનું પ્રદર્શન કર્યું હતું. પીડીઈયુના એનસીસી ઓફિસર કેપ્ટન ખુશાલી પુરોહિતના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ, કેડેટ્સને તેમની કલાત્મક કૌશલ્ય વ્યક્ત કરવાની અને તેમની રચનાઓ દ્વારા શક્તિશાળી સંદેશાઓ પહોંચાડવાની તક આપવામાં આવી હતી. પ્લાસ્ટિક મુક્ત ભારતની થીમ ભારત સરકારની મિશન લાઈફ (પર્યાવરણ માટે જીવનશૈલી) પહેલ હેઠળ પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવાના રાષ્ટ્રીય કાર્યસૂચિ સાથે સંરેખિત કરવા માટે કાળજીપૂર્વક પસંદ કરવામાં આવી હતી. આ યુવા કેડેટ્સે મનમોહક પોસ્ટરો ડિઝાઈન કરવામાં તેમની પ્રતિભા અને કટિબદ્ધતા દર્શાવી હતી જેનો ઉદ્દેશ્ય નાગરિકોને પ્લાસ્ટિક કચરાના જોખમો અંગે પ્રેરિત અને શિક્ષિત કરવાનો હતો. તેમણે આર્ટવર્ક દ્વારા પ્લાસ્ટિક મુક્ત ભારતની તાત્કાલિક જરૂરિયાતને અસરકારક રીતે વ્યક્ત કરી અને આપણા પર્યાવરણ અને ઈકોસિસ્ટમ પર પ્લાસ્ટિકની હાનિકારક અસરો પર ભાર મૂક્યો હતો. પોસ્ટરોએ તેમની નવીન ડિઝાઈન, વાઈબ્રન્ટ કલર્સ અને આકર્ષક સૂત્રો દ્વારા ધ્યાન ખેંચ્યું હતું. પ્લાસ્ટિક મુક્ત ભારતના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા માટે પોસ્ટર બનાવવાની ઝુંબેશ એક શક્તિશાળી માધ્યમ તરીકે સેવા આપી હતી અને પ્લાસ્ટિક પ્રદૂષણની હાનિકારક અસરો અને વર્તણૂકીય પરિવર્તનને પ્રેરણા આપતી ચર્ચાઓ ચલાવી.

## ચેસની રમતને વ્યાપક બનાવવા ચેસ એસો. અને ચિલ્ડ્રન યુનિ. વચ્ચે એમઓયુ

ગાંધીનગર, તા. ૩ ગુજરાત રાજ્યમાં બાળકોમાં ચેસની રમતને પ્રોત્સાહન આપવા ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશને ના પ્રેસિડેન્ટ અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભાવેશભાઈ પટેલ દ્વારા એમઓયુની પરસ્પર આપ-લે કરવામાં આવી હતી.


ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, એસોસિએશન, રાજ્યમાં ચેસ પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને તેનું સંવર્ધન કરવા માટે સમર્પિત અગ્રણી સંસ્થા છે, જે ચેસ કાર્યક્રમોની સ્થાપના અને



હાથ મિલાવ્યા છે. બાળકો માટે લાભદાયી પ્રવૃત્તિ તેમજ માનસિક અને વૃદ્ધિના વિકાસ માટે બે પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે ચેસની રમતને લઈ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ચિલ્ડ્રન યુનિવર્સિટી તરફથી કુલપતિ ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ રજિસ્ટ્રાર અમિત જાની અને ગુજરાત સ્ટેટ ચેસ. એસોસિએશન તરફથી વર્લ્ડ ચેસ ફેડરેશન એશિયન ઝોન ૩.૧.૭ બાળકોના સર્વાંગી વિકાસ માટે તેની પ્રતિબદ્ધતા માટે જાણીતી છે. ચેસ દ્વારા થતાં અસંખ્ય શૈક્ષણિક અને જ્ઞાનાત્મક લાભોને શહેરોથી લઈ ગામડાઓ સુધીના બાળકો સુધી પહોંચાડવાનો આ પ્રયાસ છે. આ એમઓયુ દ્વારા યુનિવર્સિટીનો હેતુ ગુજરાતના પ્રત્યેક શહેર અને ગામડાંના બાળકો સુધી ચેસની રમત પહોંચે અને તેઓ તેનાથી વાકેફ થાય. આ રમત દ્વારા તેમના સર્વાંગી વિકાસનો છે. ગુજરાત રાજ્ય ચેસ આયોજનમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીને નિષ્ણાત માર્ગદર્શન, તાલીમ અને સંસાધનો પ્રદાન કરશે. બાળકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરવા અને તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે એસોસિએશન યુનિવર્સિટી સાથે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ચેસ ટૂર્નામેન્ટ, બેઝિક અને એડવાન્સ વર્કશોપ અને અન્ય ચેસ-સંબંધિત ઈવેન્ટ્સનું આયોજન કરવા માટે પણ સહયોગ કરશે.

## ગીર ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે લોક જાગૃત્તિના પ્રયાસ કરાયા

ગાંધીનગર, તા.૩ ગીર ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઈન્દ્રોડા પાર્ક ગાંધીનગર ખાતે ૫મી મેથી ૫જૂન એક મહિના સુધી જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણ જાળવણી, જાગૃતિ અને મહત્વ સમજાવતા કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (ગીર) ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે. જેનુ મુખ્ય મથક ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ગાંધીનગર ખાતે આવેલું છે. આ સંસ્થા નો મુખ્ય ધ્યેય પારિસ્થિતિકીય શિક્ષણ અભ્યાસ અને સંશોધન દ્વારા પરિસ્થિતિ તંત્ર નૈસર્ગિક વારસો અને પર્યાવરણનું સંરક્ષણ, પુન સ્થાપન તથા સમૃદ્ધિકરણ માટે સહિયારા પ્રયત્નોમાં યોગદાન આપવાનું છે.




આ જનજાગૃતિ અભિયાન અંતર્ગત પર્યાવરણ સાથે તાદમ્ય જાળવી જીવનશૈલીને અમલવારીમાં મૂકવા માટે ધ્યાન આકર્ષિત કરવા સામૂહિક ચળવળના ભાગરૂપે ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન, , સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે જનજાગૃતિ સફાઈ અભિયાન, પર્યાવરણ જાગૃતિ અંગે વર્કશોપ,મિલેટ નો ઉપયોગ વધારવા સમજણ આપતા વર્કશોપ, પક્ષીઓ માટે પાણીના કુંડા માળા આપી લોકોમાં પક્ષીઓ અનપે પર્યાવરણની વિષે જાગૃતિ લાવવી, પર્યાવરણ જાગૃતિ અંતર્ગત સફાઈ કરવી, ઈકો આર્ટ એક્ટિવિટી,નાટ્ય કૃતિઓ દ્વારા પર્યાવરણ અંગે જાગૃત્તા લાવવાના પ્રયત્નો, જુદા જુદા પ્રકૃતિ તત્વો કે જીવો અંગે અવેરનેસ વર્કશોપ, સીડ બોલ મેકિંગ, પ્લાસ્ટિક વેસ્ટનો રિયુઝ, સ્થાઈ જીવન શૈલી વિષે વર્કશોપ અને પર્યાવરણ દિવસના રોજ ૧૦૦૦ વૃક્ષોને રોપવા વગેરે જેવા ઉમદા કાર્યો દ્વારા પર્યાવરણનું સંરક્ષણ કરી લોકોમાં જાગૃતિ લાવવાનુ કાર્ય ગીર ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે હાથ ધરવામાં આવેલ છે. એક હજાર વૃક્ષો માત્ર રોપણી કરી તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવે તથા એક પણ છોડ સુકાય નહીં તે માટે પણ આગોતરા આયોજન થકી ગીર ફાઉન્ડેશન દ્વારા પહેલ કરવામાં આવી છે.




## કામધેનુ યુનીવર્સીટીનો ૯મો પદવીદાન સમારોહ યોજાશે

### GNLU-ગાંધીનગર ખાતે તા. ૫ જૂનના રોજ યોજાનાર પદવીદાન સમારોહમાં ૬૭૦ જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે

ગાંધીનગર,તા.૦૩ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત કામધેનુ યુનીવર્સીટી-ગાંધીનગરનો નવમો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને આગામી તા. ૫ જૂન, ૨૦૨૩ના રોજ ગુજરાત નેશનલ લો યુનીવર્સીટી-ગાંધીનગર ખાતે યોજાશે. આ પદવીદાન સમારોહમાં કેન્દ્રીય પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા અને ગુજરાતના પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ સમારોહ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે યોગ્ય માર્ગદર્શન અને આશીર્વચન આપશે. આ પદવીદાન સમા રોહમાં કામધેનુ યુનીવ સીંટીની વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા સ્નાતક કક્ષાના ૪૯૯, અનુસ્નાતક કક્ષાના ૧૪૫ અને પી.એચ.ડી.ના ૨૬ વિદ્યાર્થીઓને મળી કુલ ૬૭૦ જેટલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ૧૨૧ અને અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતા ૩૪ તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ આપી, તેમજ ૧૪ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.



સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી અમદાવાદ ખાતે તાલીમ મેળવતા દિવ્યરાજસિહ ગોહિલ, સચીન પટણી, હર્ષવર્ધનસિહ ઝાલા, અજયસિહ ચુડાસમા એ એચ.એન.જી.યુ. પાટણનુ પ્રતિનિધિત્વ કરી ખેલો ઈન્ડીયા યુનિવર્સીટી ગેમ્સમા ફોઈલ મેન્સ ટીમ ઈવેન્ટમા સિલ્વર મેડલ મેળવેલ છે. જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ભુતપુર્વ વિદ્યાર્થીનીઓ દિવ્યા ઝાલા, અલ્કા ચૌધરી, નિશા ચૌધરી અને શીતલ ચૌધરી એ સરદાર પટેલ યુનિવર્સીટીનુ પ્રતિનિધિત્વ કરી ખેલો ઈન્ડીયા યુનિવર્સીટી ગેમ્સમા ફોઈલ બહેનો ટીમ ઈવેન્ટમા બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. તથા સિધ્ધરાજસિહ સરવૈયાએ લવલી પ્રોફેશનલ યુનિવર્સીટીનુ પ્રતિનિધિત્વ કરી ખેલો ઈન્ડીયા યુનિવર્સીટી ગેમ્સમા ઈપી ભાઈઓની ટીમ ઈવેન્ટમા સિલ્વર મેડલ મેળવેલ છે.